# જો લગ્ન ન કરતે તો રીના રૉય આજે ક્યાં હોતે!



મીનાકુમારી, નરગીસ, મધુબાલા મુસ્લિમ સમાજમાંથી આવ્યા હતા પણ પ્રેક્ષકોના મનમાં તેઓ કયારેય મુસ્લિમ જણાયા નથી. એવું જ મુમતાઝ અને રીના રોય વિશે છે. નરગીસ, મધુબાલા મુમતાઝ તો હિન્દુ જ પરણ્યા. રીના રોય પરણી પાકિસ્તાનની ક્રિકેટર મોહસીન ખાનને પણ તલાક લઈ ભારત આવી ગઈ. તેને શત્રુઘ્ન સિંહા સાથે પ્રેમ હતો. રીના ઘણા સંઘર્ષ પછી હીરોઈન બની હતી. તેનું નામ આમ તો સાયરા અલી હતું અને તેની માનું નામ શારદા રાય જેણે 'બાવરો નૈન' જેવી ફિલ્મમાં કામ કરવા ઉપરાંત પાછલા વર્ષોમાં 'ગુનેગાર કૌન' ફિલ્મનું નિમાર્ણ પણ કરેલું જેમાં મોહસીન ખાન પણ હતો. મતલબ કે મોહસીનને જમાય બનાવવા આ ફિલ્મ બનાવેલી. રીના રોયના અબ્બાનું નામ સાદિક અલી હતું ને તેણે ય થોડી ફિલ્મમાં કામ




કરેલું. સાદિક અને શારદા વચ્ચે તલાક થયા પછી શારદાએ જ રીના અને બરખા નામની દીકરીને ઉછેરેલી અને ડહાપણ રાખી સાયરાને રૂપા રોય નામ આપેલું. જો કે બી.આર. ઈશારાએ તેને 'નઈ દુનિયાયે લોગ' માં ડેની ડેગઝોપ્પા સામે મુખ્ય ભૂમિકા જ આપેલી. એ ફિલ્મ પુરી ન થઈ અને 'ઝરૂરત બની ગઈ. એ ફિલ્મમાં તેણે ચર્ચાસ્પદ દશ્યો આપેલા અને ઈશારા તો તે વખતે એ જ પ્રકારની ફિલ્મો માટે જાણીતા હતા. પણ રીનાને 'ઝરૂરત' પછી જીતેન્દ્ર સાથેની 'જૈ સે કો તૈસા' મળી. તેમાં પણ 'અબકે સાવનમેં જી ડરે' ગીત પર વરસાદમાં ભીંજતા તેણે પ્રેક્ષકોને ભીના કર્યા. એ ફિલ્મ ચાલી અને પછીની 'જખ્મી' પણ ચાલી. રીના જામી ગઈ. સુભાષ ઘઈ નિર્માતા - દિગ્દર્શક તરીકે શરૂઆત કરવા માંગતા હતા અને તેમની 'કાલી ચરણ ' માં શત્રુઘ્ન સિંહા સાથે રીના આવી. શત્રુઘ્ન હીરો તરીકે સફળ થવા ઈચ્છતો હતો અને થયો. રીના સાથે જોડી બની ગઈ. તેમણે કુલ 16 ફિલ્મોમાં કામ કર્યું. તેમાંથી 9 તો સફળ ગઈ. જો કે રીનારોય- જીતેન્દ્ર જોડીની તો કુલ 22 ફિલ્મો છે ને તેમાં 17 માં તો રોમેન્ટિક સંબંધો વાળી હતી. 'અર્પણ' 'આશા' તો અનેકને યાદ છે. 'શીશા હો યા દીલ હો ' ગીત આજે પણ લોક પ્રિય છે. 'અપનાપન' પણ સફળ ફિલ્મ છે. જેમાં સુલક્ષણા પંડિત પણ હતી. બે હીરોઈનવાળી પ્રણયત્રિકોણ ધરાવતી ફિલ્મોમાં રીના એકદમ બરાબર હતી અને સારું કે તેને બીજી હીરોઈન સાથે બહુ ઈગો પ્રોબ્લેમ નથી થયા. રાજકુમાર કોહલીને તેને પહેલાં 'જામી દુશ્મન'માં અને પછી 'મુકાબલા' બાદ 'નાગીન'માં લીધી જે જબરદસ્ત સફળ હતી. એ 'નાગીન' ને કારણે જ આજે એ વિષય ની ટી.વી. સિરીયલો ચાલ્યા કરે છે. રીના અત્યંત સફળ અભિનેત્રી હતી અને મનમોહન દેસાઈની 'નસીબમાં પણ તે અમિતાભ-શત્રુઘ્ન, હેમામાલિની રિશીકપૂર સાથે હતી. તેણે અનેક સ્ટાર્સ સાથે કામ કર્યું છે. 'અંધાકાનૂનમાં હેમા માલિની છે ને રીના રોય પણ છે. સાઉથના નિર્માતાને રીનારોય સાથે ઘણું ફાવતું પણ જે.પી. દત્તાની 'ગુલામીમાં પણ રીનાની સશક્ત ભૂમિકા છે.

**યાદોં કી બારાત**

ધર્મેન્દ્ર સાથે પણ તેની ઘણી ફિલ્મો છે. તે જો મોહસીન ખાનને પરણી ન હોત તે તેની કારકિર્દી સરસ રીતે ચાલતી જ હ તી. એ લગ્ન પછી ય તેને ફિલ્મો તો મળતી જ રહી હતી પણ મોહસીને અભિનેતા તરીકે સફળ થવું હતું. તે શક્ય ન બન્યું. રીના કેવી રીતે તેને સફળ બનાવી શકે? પણ રીના તો 'આદમી ખિલૌના હૈ' 'રાજકુમાર' 'રેફ્યુજી ' સુધી સતત કામ મેળવતી રહી.લગ્ન અને છૂટાછેડાએ તેને અંદરથી તોડી નાંખી હતી. શત્રુઘ્ન સિંહા સાથેની પ્રેમકથા તો લોકો હજુ પણ ભુલ્યા નથી અને સોનાક્ષી સિંહ બિલકુલ રીના રોય જેવી દેખાય છે. તેવી ચર્ચા થતી રહી તો રીનાએ ખૂલાસો કરવો પડેલો કે ના, નાના, ખોટી વાત છે તે મારા જેવી દેખાતી નથી. રીના જો કે વિવાદોથી દૂર જ રહી છે. સવારે પાંચ વાગે ઉઠવું પછી ઘોડે સવારી અને બાઈકીંગ કરવું તેને ગમતું હતું. રીના રહે છે કે રાજેશ ખન્ના, સુનીલદત્ત, જીતેન્દ્ર, અમિતાભ સહિત બધા સાથે કામ કર્યું . બસ દિલીપકુમાર સાથે કામ ન કરી શકી તેને અફસોસ છે. રીનાને મોહસીન સાથેની લગ્નથી દીકરી છે. જેનું નામ જન્નત હતું પછી રીનાએ સનમ કર્યું છે. રીનાએ નિર્માત્રી તરીકે બનાવેલી ફિલ્મનું નામ પણ 'સનમ તેરી કસમ' છે. મહોસીન સાથેના લગ્ન વિશે તે કહે છે કે તેનું લંડનમાં ઘર હતું. પણ મને લંડનમાં ગમતું ન હતું. તે ક્રિકેટમેચ માટે સતત પ્રવાસમાં રહેતો એટલે મારે એકલા જીવવાનું થતું. તે આવી ગઈ પણ મોહસીને સાત વર્ષ સુધી દીકરી સનમને પોતાના કબજામાં રાખેલી. આજે હવે રીનાને મોહસીન સામે કોઈ ગુસ્સો નથી કે કહે છે કે તે સનમ સાથે નિયમિત વાત કરે છે. રીનાને પૂછાયેલું કે તું ફરીવાર કેમ ન પરણી? તો તેઓએ કહેલું કે 'શાદી કરના યાને એક ઑર આદમી કો પાલના' શું સોનાક્ષી તેના જેવી નથી દેખાતી.....? એવા પ્રશ્નોનો પણ તેણે જવાબ આપેલો કે 'જખ્મી' ફિલ્મ વખતે ઘણા કહેતા કે હું તો આશાપારેખ અને નાસીરહુસેનની દીકરી છું. ડિમ્પલ ફિલ્મોમાં આવી તો તે નરગીસ-રાજકુમારની દીકરી છે એવું કહેવાયેલું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં તો યે સિલસિલા ચલતે રહેતા છે. કુછ દિન બાદ ખતમ હો જાતા હૈ. 7 જાન્યુઆરી 1957માં જન્મેલી રીના રોય છેલ્લા અઢી દાયકાથી નિવૃત છે અને હવે તેને કામ કરવાનું મન નથી . કયારેક કપિલ શર્મા શો' અને એવા શોમાં આવી વાત કરે છે બસ.

લગ્ન અને છૂટાછેડાએ તેને અંદરથી તોડી નાંખી હતી. શત્રુઘ્ન સિંહા સાથેની પ્રેમકથા તો લોકો હજુ પણ ભુલ્યા નથી અને સોનાક્ષી સિંહ બિલકુલ રીના રોય જેવી દેખાય છે







## હૃદયને ગાતા ગીતો

### કિતના પ્યારા વાદા હૈ

ઓ સોણીયે માર સુતિયા
કિતના પ્યારા વાદા (2) હે ઇન મતવાલી આંખો કા
ઇસ મસ્તીમેં સૂઝે ના કયા કર ડાલું હા, મોહે સંભાલ,
ઓ સાથિયા યો બેલીયાં
કિતના પ્યારા વાદા હૈ ઇન મતવાલી આંખો કા,
ઇસ મસ્તી મેં સૂઝે ના કયા કર ડાલું હાલ, મોહે સંભાલ
હો ઉજાલા યા અંધેરા કહીં ના છૂટે હાથ મેરા
કોઇ મેરા ના તેરે બિન, પિયા નિભાના સાથ મેરા
અરે કોરા-કોરા ગોરા-ગોરા યે અંગ તોરા હાય,
પાગલ મોહે બના દિયા
કિતના પ્યારા વાદા હૈ ઇન મતવાલી આંખો કા,
ઇસ મસ્તી મેં સૂઝે ના કયા કર ડાલું હાલ, મોહે સંભાલ
બરસો મૈંને મન જલાયા લી પલકોંકી તબ યે ચાયા કાંટે મેરે તનમેં
તૂટે ગલે સે તુને તબ લગાયા
ઓ સૈંયા પ્યારે ચલતા જારે બૈંયા ડારે હાય, ગરવા તોહે લગા લિયા
કિતના પ્યારા વાદા હૈ ઇન મતવાલી આંખો કા,
ઇસ મસ્તી મેં સૂઝે ના કયા કર ડાલું હાલ, મોહે સંભાલ
રોજ ઉઠા કે યે નયનવા છુઆ કરુંગી તોરા મનવા
જૈસે પહલી બાર ચાહા, સદા ચાહુંગી મેં સજનવા
હાય તેરે નૈના મેરે નૈના ફીર કયા કહા હાય, કયા -
કયા ના મૈંને પા લિયા
કિતના પ્યારા વાદા હૈ ઇન મતવાલી આંખો કા,
ઇસ મસ્તી મેં સૂઝે ના કયા કર ડાલું હાલ, મોહે સંભાલ,
ઓ સાથિયા, ઓ બેલીયાં
કિતના પ્યારા વાદા હૈ ઇન મતવાલી આંખો કા,
ઇસ મસ્તી મેં સૂઝે ના કયા કર ડાલું હાલ, મોહે સંભાલ,
ઓ સાથિયા, ઓ બેલીયાં

**ગીત:** મજરુહ સુલતાનપુરી **સ્વર:** મોહમ્મદ રફી, લતા મંગેશકર **સંગીત** : આર. ડી. બર્મન **ફિલ્મ:** કારવાં **દિગ્દર્શક:** નાસીર હુસેન **વર્ષ** : 1971 **કલાકારો:** જીતેન્દ્ર, આશા પારેખ, અરુણા ઈરાની, મદનપુરી, હેલન, જુનિયર મહેમુદ, મનોરમા, દુલારી રવીન્દ્ર કપૂર, અનવર અલી

પ્રેમની પહેલી પહેલી મસ્તીનું આ ગીત છે. તે જેણે અનુભવી હોય તે જાણે. કોઇ સ્ત્રી તરફ યુવાનીમાં પ્રવેશેલો પુરુષ ચુંબકીયતા અનુભવે. તેને સમજાય જ નહીં કે આ અંદર અંદર શું થઇ રહ્યું છે. ત્યાં અચાનક એવું થવા લાગે કે તે પણ આપણા માટે મરી રહી છે. તેનું રૂપ એ ક્ષણે જ દુનિયાની બધી સ્ત્રીનું રૂપ થઇ જાય ને મસ્તીમાં બોલી ઉઠાય, ' સોણીયે, માર સુતૈયા (સુતિયા) સોણીએ એટલે રૂપવતી, ઓ રૂપવતી, ઓ મારી પ્રેમિકા માર સુતિયા તે તો મને મારી નાંખ્યો! ખલ્લાસ, પ્રેમમાં તમે ત્યારે જ જીવી ઊઠો, જ્યારે મરી જાવ! (માર સુતિયા 'ઉદ્દગારને ગાળ બોલનારાઓએ બીજી રીતે સાંભળ્યો છે. એના ધ્વનિ એવા છે)

ઓ સોણીયે માર સુતિયામાં મસ્તી છે અને પ્રિયતમા મળી ગયાનો રોકી ન શકાય તેવો આનંદ છે ને પછી પોતાનામાં પોતે જ કહેતો હોય તેવો અનુભૂતિ-ભાવ છે. 'કિતના પ્યારા વાદા હૈ ઇન મતવાલી આંખો કા, ઇસ મસ્તીમેં સૂઝે ના કયા કર ડાલું હાલ, મોહે સંભાલ ઓ સાથિયા. ઓ બેલીયાં પ્રેમની પ્રથમ ભાષા આંખોની હોય છે. પ્રેમ હોય તો આંખોમાં છલકાય ને છલકાયેલો પ્રેમ જ વાયદો બની જાય. પોતાના માટે પ્રેમછલકતી આંખોને જોઈ બોલી ઊઠે છે કે, 'કિતના પ્યારા વાદા હે ઇન મતવાલી આંખો કા.' કેટલો પ્રેમથી તસોતસ વાયદો છે આ મતવારી આંખોનો. એ આંખ જોઈ જે મસ્તી ચડી છે તેમાં કશું સૂઝતું નથી કે મારા શું હાલ કરી નાંખુ, મારું શું કરું? આ આટલું અફાટ મને કોઇ મળી ગયું છે. તું હું મને કેવી રીતે સંભાળું, સાચવું? આ એવી મનો-તનોદશા છે કે કોને કહેવું? જેનાથી એ સ્થિતિ સર્જાયેલી છે તેને જ કહે છે મને સંભાળ ઓ સાથી ઓ રૂપવતી. પ્રેમની મસ્તી હોય ત્યારે આમ રૂપવતી નથી કહેતા. ઘણી વાર આપણે મનમાં આવી ચડે તે કઇ બેસીએ છીએ ને સામે તેનો અર્થ પમાઈ જાય છે. વાત તો એટલી જ છે. કિતના પ્યારા વાદા હે ઇન મતવાલી આંખો કા ઇસ મસ્તી મેં સૂઝે ના કયા કર ડાલું હાલ, મોહે સંભાલ ને આ પ્રેમા પ્રેમીનો જ ઉદ્દગાર નથી. તેના જ લયમાં પ્રિયતમા પણ ગાય છે. કિતના પ્યારા વાદા હૈ ઇન મતવાલી આંખો કા.. ને તેને ય કાંઇ સૂઝતું નથી કે શું કરું?

આ ગીતની રચના એવી છે કે મુખડામાં જેના વડે પંક્તિ દોહરાવવામાં આવી એ જ




અંતરામાં આગળ વડે ને અંતરામાં જે છેલ્લે દોહરાવે તે ત્યાર પછીનો અંતરો ગાય. આ કમાલ આર.ડી. બર્મનમાં સ્વરાંકનનો છે. પ્રેમનાં ચડતાં કેફને લયમાં ચડાવે છે. અંતરો પેલી પ્રિયતમા ગાઈ રહી છે. 'હો ઉજાલા યા અંધેરા, કહી ના છૂટે હાય મેરા-કોઇ મેરા ના તેરે બીન, પિયા નિભાના સાથ મેરા, અજવાળું હોય કે અંધારુ હોય, કયાંય મારો હાથ ન છૂટે (તેની દરકાર કરજે) તારા સિવાય મારું કોઇ નથી. ઓ પિયા, મારો સાથ નિભાવજે. આ ભારતીય સ્ત્રી છે તે જેને પોતાનો માને તેનો જ બધા સંજોગોમાં આધાર ઝંખે છે ને કહી દે છે કે જો જે મારો હાથ ન છોડીશ, કારણ કે તારા સિવાય મારું કોઇ નથી. કોઇ આપણને તેના જીવનમાં આટલું મોટું સ્થાન આપે, આપણે જ તેનો જીવન-આધાર છે એવું કહે તે તો કેટલું મોટું માન થયું. બસ પ્રેમમાં સોંપી જિંદગી. પણ હજુ પેલો પ્રેમી તો પુરુષ છે અને મસ્તીમાં છે તે પ્રિયતમાનો હાથ પકડીને કહે છે અરે કોરા કોરા, ગોરા ગોરા યે અંગ તોરા.. પાગલ મોહે બના દિયા તે અહીં લગ્નમાં બંધાતા મીંઢળ, કંગનને પણ મસ્તીમાં સૂચવે છે. ને ગોરા ગોરા હાથને પણ ગાઈ ઊઠે છે તારા અંગે મને પાગલ બનાવી દીધો. હાથ પકડવો એટલે સાથ જોડવો. કાયમી સંગાથ થવો પ્રિયતમાને સાંભળતો-સમજતો બોલી ઊઠે છે. ફરી બોલે છે. કિતના પ્યારા વાદા હૈ. હવે પ્રિયતમનો જ કહેવા વારો છે, 'બરસો મેંને મન જલાયા. મિલી પલકોં કી તબ યે છાયા/ કાંટે મેરે તનમેં તૂટે, ગલે સે તુને તબ લગાયા. યુવાની કયારે શરૂ થાય. કોઈની ઝંખના કયારે શરૂ થાય. એટલે રાતદિવસ મનમાં દાઝયા કરે. કોઇ મળે, કયારે મળશે? કોણ હશે? કેવી હશે? બરસોં મેંને મન જલાયા. વર્ષો સુધી મેં મન બાળ્યું છે ત્યારે તારા પાંપણની આ છાયા મળી છે. મારા શરીરમાં કાંઇ કેટલાંય કાંટા તૂટયા ત્યારે તેં મને આલિંગન લગાડયું. શરીરમાં કાંટા તૂટવા એટલે કોઇ માટે વલોપાત અનુભવવો. શરીરની અંદર જાણે ઝીણા ઝીણા કાંટા ફૂટે ને જેને ફૂટે તેને જ તે ભોંકાતા અનુભવાય. પ્રિયતમ કહે છે કે મારા શરીરમાં કાંઇ કેટલાય કાંટા તૂટયા ત્યારે એક લાંબી રાહ જોયા પછી તું આવી અને મને ગળે લગાડયો, મને આલિંગન આપ્યું. પ્રિયતમ આ કહે તો પ્રિયતમા હવે શું કહે? તે કહેશે. મારા પ્રેમાળ સૈંયા મારા હાથમાં હાથ નાંખી ચાલતો રહે. તને મેં આલિંગનમાં લઇ લીધો છે. તું મારો છે! જા છોડ બીજું બધું આવી ગઇ છું તારા માટે. હવે અંતરો પ્રિયતમાનો જ છે. તે બહુ સૂક્ષ્મ અને પ્રેમની શીતળ આગથી ભરેલી વાત કહે છે. 'રોજ ઉઠા કે યે નયનવા છુઆ કરુંગી તોરા મનવા /જૈસે પહલી બાર ચાહા, સદા ચાહુંગી મેં સજનવા 'મજરુહ જ લખી શકે તેવી કાવ્યાત્મક પંક્તિ છે ને તેમાં પ્રેમના વિજ્ઞાનની ઊંડી ભૂમિકા છે. રોજ આ આંખો ઉઠાવી, પ્રેમની પાંપણો ઊંચી તારા મનને સ્પર્શીશ અમરપ્રેમ શું છે? અમરપ્રેમનો વાયદો શું છે? રોજ તમારી આંખમાં તમે જેને પ્રથમ વાર ચાહ્યો છે તેને સદા ચાહવાનું ઊઠે છે. તમે એકમેકની આંખોમાં સચવાયેલાં રહો, એકબીજા માટેનો પ્રેમ એકમેકની આંખોમાં જોવાયેલો રહે. એવી આંખો પ્રિયતમાનાં મનને રોજ સ્પર્શતી હોય તો હવે બીજા વચન શું આપવા- લેવા? તે કહે છે કે જેમ તને મેં પહેલી વાર ચાહ્યો છે, બસ એ જ રીતે કાયમ ચાહીશ. આ તો બહુ મોટું વચન છે. પ્રથમ વાર ચાહ્યા જેવું કાયમ ચાહી શકાય? જો તમને એકમેક માટે આટલો પ્રેમ રહે તો મળ્યાનાં આનંદથી આંખુ જીવન છલકાઈ ગયું. જીવન માટે. (મજરુહ સાહેબ, થેન્કયુ!) પ્રિયતમ બોલી ઊઠે છે. 'હાય તેરે નૈન, મેરે નૈના, ફિર કયા કહેના હાય, કયા-કયા ના મૈંને પા લિયા તારી આંખોને મારી આંખો. (બે પ્રેમીઓની આંખો) તો હવે શું કહેવાનું બાકી રહ્યું?!તને શું કહું મેં આટલામાં,આ આંખો મળવામાં પ્રેમથી એકમેકને મળવાથી મેં શું શું મેળવી લીધું. પ્રાપ્ત કરી લીધું. બસ, જગતમાં જે જાણ્યું-અજાણ્યું મેળવવું હતું તે બધું મેળવી લીધું. તે ફરી બોલી ઊઠે છે. કિતના 'પ્યારા વાદા હે ઇન મતવાલી આંખો કા, ઇસ મસ્તીમેં સૂઝે ના કયા કર ડાલું હાય, મોહે સંભાલ ઓ સાથિયા, ઓ બેલીયાં પ્રિયતમા તેની સાથે એ જ દોહરાવે છે ને બંનેનું ગાવું એક થઇ જાય છે. કિતના પ્યારા વાદા હૈ.. જો તમે હૃદયના કાનથી સાંભળો નહીં તો ચૂકી જાઓ એવું આ મસ્ત ગીત છે. મજરુહ, રાહુલ દેવ બર્મન, રફી-લતાજીએ થઇ આપણને તે ધર્યું છે. આખા ગીતમાં પ્રથમ પ્રેમની મસ્તી છલકે છે ને બે હૈયાં એક થયાનો ચમત્કાર આખા ગીતને ચમકથી ભરી દે છે.

## મનોજકુમારની 'ક્રાંતિ'માં દિલીપકુમાર ખરા હીરો હતા

મનોજકુમાર કયારેક હીરો પણ હતા તેવું લોકોએ 'ઉપકાર' પછી ભુલવા માંડયુ. હીરો તરીકે તેઓ નબળા હતા એવું ય નથી પણ 'ઉપકાર'થી તેઓ એવા નિર્માતા-દિગ્દર્શક તરીકે જાણીતા થઈ ગયા કે પછી તેઓ હીરો તરીકે યાદ આવે તો ભારતકુમાર તરીકે જ યાદ આવે.'ઉપકાર' પછી 'પૂરબ ઔર પશ્ચિમ', 'શોર' અને 'રોટી કપડા ઔર મકાન' સુધીમાં તેમની ફોર્મ્યુલા સ્પષ્ટ થઈ ગઈ. એ ફોર્મ્યુલાની છેલ્લી ફિલ્મ તે 'ક્રાંતિ'. મનોજકુમાર 'ઉપકાર' પછી મલ્ટી સ્ટારર ફિલ્મમાં માનતા થઈ ગયેલા અને 'ક્રાંતિ'માં તો તેમના પોતાના દેશમાં જે દેશ વિરોધી કૃત્યો થઈ રહ્યા છે તેની સામે તે ક્રાંતિકારીઓનું સંગઠન બનાવે છે. એ સંગઠનમાં ભારત (મનોજકુમાર), શશી કપૂર (શક્તિ) કરીમખાન (શત્રુઘ્ન સિંહા) અને રાજકુમારી મીનાક્ષી (હેમામાલિની) છે. તે બધા વડે અંગ્રેજો સામે જંગ છેડાઈ જાય છે અને ક્રાંતિ સર્જાય છે.

મનોજકુમાર છે એટલે પોતાના સહિત દરેક મોટા સ્ટાર્સનો બરાબર ઉપયોગ કર્યોછે અને હેમામાલિની સાથેની પ્રેમ કહાણી પણ છે પરંતુ દિલીપકુમારનું સ્થાન આખી ફિલ્મમાં કેન્દ્રમાં છે. મનોજકુમારની ફિલ્મમાં મુકેશનો અવાજ હોય



'આદમી'ના સહઅભિનેતા દિલીપકુમારને લીધે એટલે ફિલ્મ એકદમ ખાસ બની ગઈ. દિલીપકુમાર જ નહીં શશી કપૂર, હેમા માલિની, શત્રુઘ્નસિંહા, પરવીન બાબી પણ છે અને 'ઉપકાર'થી ફેવરિટ પ્રેમ ચોપરા, નિરુપારોય, મદનપુરી વગેરે પણ છે. મનોજકુમારે સલીમ જાવેદ પાસે કથા-પટકથા લખાવી હતી અને ડાયલોગ તેમણે પોતે જ લખેલા. 'ક્રાંતિ'એ 26 સ્થળોએ રજત-જયંતિ ઉજવેલી અને 1980ની ખૂબ સફળ ફિલ્મોમાં નામ દર્જ કરેલું મનોજકુમારે 'ઉપકાર', 'પૂરબ ઔર પશ્ચિમ' અને 'રોટી કપડા ઔર મકાન'માં આઝાદી પછીના ભારતની વાત કરી છે પણ 'ક્રાંતિ'માં 1825 થી 1875 દરમ્યાનનાં પચાસ વર્ષમાં અંગ્રેજો સામે જે લડાઈ લડવી પડી તેની વાત છે. બ્રિટિશ સરકાર સામે લડનારા વીર ભારતવાસીઓની તેમાં કહાણી છે. દિલીપકુમાર કે જનું નામ આ ફિલ્મમાં સાંગા છે તેની ખરી ઓળખ ક્રાંતિ તરીકેની છે. તે રાજકુમાર છે, સ્વતંત્રતા સેનાની પણ છે. રામગઢ રાજ્યને તે પ્રામાણિકતા પૂર્વક સમર્પિત છે જે રાજા લક્ષ્મણસિંહ (પી. જયરાજ) પ્રત્યે તે પૂર્ણપણે વફાદાર છે. આ લક્ષ્મણસિંહ જયારે અંગ્રેજોને વેપારી હેતુ માટે પોતાના બંદરના ઉપયોગ માટે રજા આપે છે અને સ્થિતિ બદલાવા માંડે છે. સંઘાને ખબર પડે છે કે અંગ્રેજો તો સોનુ અને આભૂષણ અહીંથી લઈ જઈ રહ્યા છે. ને ગોલાબારુદ લાવી રહ્યા છે. સંગા આ હકીકત જ્યારે લક્ષ્મણસિંહને કહેવા જાય છે તો જુએ છે કે તેની ચાકુ મારી હત્યા કરી દેવામાં આવી છે. સાંગા પર રાજદ્રોહ અને લક્ષ્મણસિંહની હત્યાનો આરોપ આવે છે.આ આરોપની સજા તરીકે ફાંસી જાહેર થાય છે ત્યારે સાંગા ભાગી જાય છે.

**સિનેમા ઇન્ડિયા**

પણ 'લુઈ તમાશા લુઈ', 'ચના જોર ગરમ', 'જિંદગી કી ના તૂટે લડી', 'ક્રાંતિ ક્રાંતિ!' માં લતા મંગેશકર સાથે નિતિન મુકેશનો અવાજ છે. 'ચના જોર ગરમ'માં તો કિશોકુમાર, રફી, લતા, નિતિન મુકેશછે.અબ કે બરસ તુઝે ધરતી કી રાની કર દેંગે 'ગીત મહેન્દ્રકૂપર પાસે ગવડાવાયું છે. સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલ છે. મનોજકુમાર હોય ને મુખ્ય અભિનેતા દિલીપકુમાર હોય તેવું મનોજકુમારની ફિલ્મમાં ન બને પણ બન્યું છે. મનોજકુમારનો તો શત્રુઘ્નસિંહા વાળી ભૂમિકામાં અમિતાભ બચ્ચનનો આગ્રહ હતો પણ તેમની પાસે સમય નહોતો. એજ રીતે શશીકપૂરવાળી ભૂમિકા માટે વિનોદ ખન્નાનો આગ્રહ હતો પણ તેમણે ના પાડી. નિરુપારોયવાળી ભૂમિકા માટે ય વૈજયંતીમાલાને કહેવાયેલું પરવીન બાબી તો નક્કી હતી પણ પણ ફિલ્મ દરમ્યાન તેણે એટલા પ્રોબ્લેમ ઊભા કરેલા કે તેનું પાત્ર ટૂંકાવી દેવાયેલું. સલીમ-જાવેદને આ ફિલ્મ લખવાનો વિચાર મનોજકુમારે આપેલો. સલીમ-જાવેદ તે વખતે બિલકુલ પોતાની રીતે ફિલ્મો લખતા હતા પણ 'ક્રાંતિ' તેમણે લખવી હતી તેવી નહોતી, તેમાં મનોજકુમારનો જ પ્રભાવ હતો. અલબત્ત, ફિલ્મ જબરદસ્ત સફળ રહેલી છતાં સલીમ -જાવેદ તેને બહુ યાદ નથી કરતાં 'ક્રાંતિ'એ 1981માં 200 કરોડની કમાણી કરેલી અને તેના પછીના ક્રમે મનમોહન દેસાઈની 'નસીબ'ત્રીજા ક્રમે મેરી આવાઝ સૂનો અને ચોથા ક્રમે 'લાવારિસ' રહેલી. પાંચમા ક્રમે 'લવસ્ટોરી', છઠ્ઠા ક્રમે એક દુજે કે લિયે અને આઠમા-નવમા ક્રમે 'કાલિયા' અને 'યારાના' હતી એ જમાનો અમિતાભનો હતો છતાં મનોજકુમારે 'ક્રાંતિ'ને જબરદસ્ત સફળ બનાવેલી.